# કન્યા (પ.ઠ.ણ)



# “પૂરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા મરજી મુજબની થોડી મજા હોવી જોઈએ”

**આ વર્ષ આપને માટે વ્યાપાર-ધંધો , કરિયર અને નાણાંકીય બાબતો માટે શુભ અને લાભદાયક રહેશે.અલબત્ત, પારિવારિક અને આરોગ્યની બાબતોમાં સમસ્યાઓ લાવી શકે છે. જેનો ઉકેલ સાવધાની, સમજદારી અને સમયસરના ઉપાયો થકી લાવી શકશો. વર્ષના અંતે તમે તમારી બેલેન્સ શીટ જોઈને સંતોષ પામશો અને “થેન્ક ગોડ” કહેશો.**

## જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર

### માનસિક સ્થિતિ : સુખમય

વર્ષના પ્રારંભમાં આપની કીર્તિ સમાજમાં પ્રસરેલી રહેશે. સર્વેજનોનો આદર મળશે. વર્ષના ઉત્તરાર્ધમાં અગિયારમા ભાવમાં ગુરુ આપને સફળતા અને સમૃદ્ધિ આપશે. જેથી આપનો આત્મવિશ્વાસ વધશે. મનોદશા સુખમય રહેશે. એ જ રીતે , છઠ્ઠા ભાવમાં ભ્રમણ કરતાં રાહુ શત્રુઓ-હરીફો પર વિજય અપાવશે. તમારું મનોબળ અને ઉત્સાહ વધશે. અલબત્ત, શનિને કારણે વખતોવખત તણાવ રહ્યા કરે પરંતુ આપ મનોબળ, સાહસ અને સમજદારીથી પ્રશ્નોનો ઉકેલ લાવી શકશો.

### આરોગ્ય : મધ્યમ રહે

આરોગ્યની દ્રષ્ટિએ મધ્યમ રહેશે. વર્ષ દરમ્યાન ગુરુનું ગોચર આરોગ્યને સ્થિર રાખશે. પરંતુ શનિ સાતમા ભાવમાં પેટની સમસ્યાઓ અથવા શારીરિક- માનસિક થાક અને તણાવ લાવી શકે છે તથા કેતુની પ્રતિકૂળતા આંખની તકલીફો અને પગ સંબંધિત બીમારીઓ લાવી શકે છે. યોગ, પ્રાણાયામ, સંતુલિત આહાર અને સમયસરની મેડીકલ ટ્રીટમેન્ટ જરૂરી રહેશે.

### વ્યાપાર : ધંધો-પ્રગતિ

વ્યાપાર-ધંધાની દૃષ્ટિએ આ વર્ષ અનુકૂળ છે. ગુરુ દશમા ભાવમાં ( ડિસેમ્બર 2025 થી જૂન 2026 )વ્યાપાર-ધંધામાં પ્રગતિ કરાવશે. વ્યાપાર-ધંધામાં જૂન 2026 પછી અગિયારમા ભાવમાં ગુરુના ભ્રમણ દરમિયાન આવકના નવા સ્રોત ઊભા થશે. **વ્યાપાર-ધંધામાં અણધાર્યા મોટા લાભો થશે.** શનિ સાતમા ભાવમાં વ્યાવસાયિક પાર્ટનરશિપમાં સાવધાનીની જરૂર દર્શાવે છે અને મહેનત વધારશે. રાહુ ષષ્ઠમ ભાવમાં કાર્યસ્થળે દુશ્મનો અને સ્પર્ધકો પર વિજય અપાવશે. ઉતાવળિયા નિર્ણયો ટાળો.

### નોકરીઃ સાનુકૂળતા રહે

નોકરીમાં એકંદરે સાનુકૂળતા રહેશે. ૫ મી ડિસેમ્બરઃ૨૦૨૫ થી ૧ લી જૂનઃ૨૦૨૬ સુધી નોકરીમાં આપની જવાબદારી અને વ્યસ્તતા વધશે. સવિશેષપણે ૧લી જૂન ૨૦૨૬ થી સાનુકૂળતા રહે. સહકર્મીઓ અને અધિકારીઓનો સહયોગ મળી રહે. **નોકરીમાં પ્રમોશન અને પગારવધારો મળવાની શકયતા રહે.** વિદેશી કંપનીઓ અથવા મોટી સંસ્થાઓ સાથે જોડાવાનો મોકો મળે.

### નાણાંકીય સ્થિતિ : આવકના નવા સ્રોત અને બચતમાં વધારો

નાણાંકીય દ્રષ્ટિએ આ વર્ષ સારું રહેશે. ગુરુ દશમા ભાવમાં આવકના નવા સ્રોત આપશે અને બચતમાં વધારો કરશે. દશમા ભાવમાં ગુરુ હોય તો જાતક સમૃદ્ધ હોય છે અને નવું વાહનનું સુખ ભોગવે છે. એવું સારાવલીમાં વર્ણન છે. જૂન 2026 પછી અગિયારમા ભાવમાં ગુરુની સ્થિતિ લાભપ્રદ અને સિદ્ધિદાયક ગણાય છે. ધન, વૈભવ, ઐશ્વર્ય, વાહન આદિનું સુભગ ફળ મળશે એવું ભૃગુસૂત્રમમાં કથન છે. શનિ સાતમા ભાવમાં હોવાથી પાર્ટનરશિપ અંગેના નિર્ણયો સમજદારીપૂર્વક લેવા. ભાગીદારો સાથેના મતભેદ મનભેદ ન બની જાય તેની કાળજી રાખવી. રાહુ ષષ્ઠમ ભાવમાં દેવાંમાંથી મુક્તિ અપાવશે. કેતુ બારમા ભાવમાં ખોટા ખર્ચ લાવી શકે છે. બજેટ બનાવીને ચાલો અને ખર્ચાની બાબતમાં સાવધાની રાખો.

### પ્રેમ અને પારિવારિક જીવન : મિશ્રફળ

પ્રેમ અને પારિવારિક જીવનની બાબતમાં આ વર્ષ મધ્યમ રહેશે. ગુરુ દશમા ભાવમાં પ્રેમસંબંધોમાં અને પારિવારિક જીવનમાં સ્થિરતા આપશે. જૂન 2026 પછી અગિયારમા ભાવમાં ગુરુના ભ્રમણ દરમિયાન નવા સંબંધોની શરૂઆત થઈ શકે છે. અવિવાહિતોના લગ્નની વાત આપને શનિ સાતમા ભાવમાં પારિવારિક જીવનમાં ગેરસમજણો અને વાદ-વિવાદ લાવી શકે છે. પારિવારિક જીવનમાં સુખ ખાસ મળતું નથી.




### શિક્ષણ : સફળતાનું વર્ષ

શિક્ષણની દ્રષ્ટિએ આ વર્ષ સફળતા અને પ્રગતિનું રહેશે. ગુરુ દશમા ભાવમાં ઉચ્ચ શિક્ષણ અને પરીક્ષાઓમાં સફળતા આપશે. જૂન 2026 પછી અગિયારમા ભાવમાં વિદેશી શિક્ષણની તકો વધશે. જો કે શનિ સાતમા ભાવમાં મહેનત વધારશે પરંતુ લાંબા ગાળે સફળતા અપાવશે. રાહુ ષષ્ઠમ ભાવમાં Competitive Exams માં વિજય અપાવશે.

### કોર્ટ મેટર્સઃ ન્યાય અને સફળતા

ગુરુ દશમા ભાવમાં કોર્ટમાં ન્યાય અપાવશે. જૂન ૨૦૨૬ પછીથી અગિયારમા ભાવમાં આવતો ગુરુ લાભ વધારશે. રાહુ પણ ષષ્ઠમ ભાવમાં હોવાથી કાનૂની વિવાદોમાં તેમજ શત્રુઓ અને હરીફો પર જીત અપાવશે.

### સરકારી કામકાજ : કાર્યસિદ્ધિ

ગુરુ સરકારી નોકરી અને કામકાજમાં કાર્યસિદ્ધિ આપશે. શનિ વિલંબ અથવા તપાસનું જોખમ લાવી શકે છે. રાહુ ષષ્ઠમ ભાવમાં સરકારી કોન્ટ્રાક્ટમાં અને ટેન્ડરોમાં હરીફોને પાછળ છોડી તમને તક અપાવવામાં મદદરૂપ થશે.

### પ્રવાસઃ વિદેશ પ્રવાસની તક

ગુરુ અગિયારમા ભાવમાં (જૂન 2026 પછી) વિદેશ પ્રવાસની તકો વધારશે. આ સમયગાળામાં પ્રવાસથી મોટો લાભ યા સિદ્ધિ મળશે. રાહુ પણ ષષ્ઠમ ભાવમાં નોકરી જોબ સ્પર્ધા માટે સ્થિતિ ઊભી થાય. આરોગ્ય સંબંધિત એટલે કે ટ્રીટમેન્ટ યા ચેકઅપ માટે નાના પ્રવાસ થઈ શકે.

### સ્ટોક માર્કેટઃ લાભ

ગુરુ લાંબા ગાળાનાં રોકાણોમાં લાભ આપશે. શનિ રિસ્ક વધારશે અને રાહુ ષષ્ઠમ ભાવમાં અને કેતુ બારમા ભાવમાં ટ્રેડિંગમાં નાણાંકીય લાભમાં વધઘટ લાવશે. બેન્કિંગ, મેટલ ઇનફ્રાસ્ટ્રક્ચર ડિફેન્સ સેક્ટરમાં લાંબા ગાળાનું રોકાણ લાભ આપે. નિષ્ણાતની સલાહ લો.

**(શીર્ષક પંક્તિઃ ‘મરીઝ’)**

## મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિની અસર** : સાતમા ભાવમાં શનિ દાંપત્ય અને પાર્ટનરશીપમાં જવાબદારી વધારે અને કસોટીમય પરિસ્થિતિ ઊભી થાય. બિઝનેસ પાર્ટનર કે જીવનસાથી સાથે તણાવ પણ આવી શકે. જાહેર જીવન અને નોકરીમાં સહકર્મચારીઓ સાથે મતભેદ થઈ શકે પરંતુ સમજદારી અને ધીરજ દાખવીને સંબંધ મજબૂત બનાવી શકશે.

**ગુરુની અસર**ઃ દસમા ભાવમાં ગુરુનું મિથુન રાશિમાં ભ્રમણ નોકરી અને કારકિર્દીમાં નવી તકો મળશે. કાયદો, શિક્ષણ, કમ્યુનિકેશન, એડમિનિસ્ટ્રેશન ક્ષેત્રમાં પ્રગતિ થઈ શકે. ઉચ્ચ અધિકારીઓ પર સારો પ્રભાવ પરંતુ દિશા-ગૂંચવણ રહી શકે. **એકાદશ ભાવમાં ગુરુનું કર્ક રાશિમાં ભ્રમણ (જૂન 2026 પછી) સુવર્ણ અવસર લાવશે**. પ્રમોશન તથા પગારમાં વધારો થઈ શકે. નવી નોકરી કે મોટું પદ મળવાની શક્યતા. લાંબા ગાળાનાં સપનાં પૂર્ણ થશે. સમાજમાં પ્રતિષ્ઠા, આદર અને મોટો લાભ થઈ શકે.

**રાહુની અસર**ઃ છઠ્ઠા ભાવમાં રાહુનું કુંભ રાશિમાં ભ્રમણ શત્રુઓ અને હરીફો પર વિજય અપાવે. ઓફિસ પોલિટિક્સ કે હરીફાઈમાં જીત થાય. આરોગ્ય સંબંધિત નાની-મોટી સમસ્યાઓ આવી શકે. કાનૂની મામલામાં અંતે સફળતા મળે.